### ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત અને ખાનગી પ્રકાશકોનાં

# પાઠ્યપુસ્તકોના ભાવમાં તોતિંગ વધારો

ગાંધીનગર, તા. ૩

ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા બહાર પાડવામાં આવેલા નવા પુસ્તકોના ભાવોમાં તોતિંગ વધારો કરવામાં આવ્યો છે. ધો.૧થી ૧૨ના પુસ્તકોની કિંમતમાં સરેરાશ ૧૦૦ ટકા જેટલો વધારો થયો છે. તેમાં પણ ધો.૧૦, ધો.૧૨ સાયન્સના પુસ્તકોની કિંમતમાં ખૂબ જ વધારો થયો છે. આ વર્ષે NCERTના અભ્યાસક્રમનો અમલ કરવામાં આવ્યો હોઈ પુસ્તકોના ભાષાંતરને લઈને કિંમતમાં વધારો થયો હોવાનું કહેવાઈ રહ્યું છે. ધો.૧૨ સાયન્સમાં મુખ્ય ચાર વિષયના પુસ્તકો અગાઉ રૂ. ૬૮૯માં મળતા હતા તે હવે રૂ. ૯૩૭માં મળશે. આ જ રીતે અન્ય તમામ ધોરણમાં વધારો કરાયો છે.

રાજ્યના શિક્ષણ વિભાગે નવા શૈક્ષણિક વર્ષથી NCERTના પુસ્તકો અમલમાં મૂકવાનો નિર્ણય લીધો હતો. જેના પગલે રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ડિસેમ્બર માસથી જ નવા પુસ્તકો તૈયાર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં અંગ્રેજી માધ્યમના પુસ્તકો તૈયાર જ લઈ લેવાયા હતા. પરંતુ ગુજરાતી માધ્યમના પુસ્તકો માટે ભાષાંતર કરાવવામાં આવ્યું હતું. જેના માટે નિષ્ણાતોની ટીમ કામે લગાડવામાં આવી હતી. ભાષાંતરની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પુસ્તકો પ્રિન્ટ કરવાની કાર્યવાહી કરાઈ હતી.

દરમિયાન, હવે પુસ્તકો બજારમાં આવી રહ્યા છે ત્યારે તેમની કિંમત સાંભળી વાલીઓની આંખો પહોળી થઈ રહી છે. ધો.૧થી ૧૨ના પુસ્તકોની કિંમતમાં સરેરાશ ૧૦૦ ટકા જેટલો વધારો થયો છે. ધો.૧૦ અને ધો.૧૨ સાયન્સના પુસ્તકોમાં જંગી વધારો છે. ધો.૯ના પુસ્તકોની કિંમતમાં પણ વધારો થયો છે. ધો.૧૦માં ગુજરાતી માધ્યમમાં ગણિતનુ પુસ્તક રૂ. ૮૯માં અને વિજ્ઞાનનું પુસ્તક રૂ. ૯૧માં મળતું હતું. આમ, બંને પુસ્તક રૂ. ૧૮૦માં મળતા હતા, તેના બદલે ભાવ વધારા બાદ ગણિતનું પુસ્તક રૂ. ૧૨૬ અને વિજ્ઞાનનું પુસ્તક રૂ. ૧૪૯માં મળી રહ્યું છે. આમ, બંને પુસ્તકના મળી કુલ રૂ. ૨૭૫ થવા જાય છે. જ્યારે અંગ્રેજી માધ્યમમાં જૂના ભાવ રૂ. ૧૮૦ હતો તે વધીને રૂ. ૩૦૫ થઈ ગયો છે. ધો.૧૦ની જેમ ધો.૧૨માં પણ પુસ્તકોની કિંમતમાં વધારો જોવા મળી રહ્યો છે. ધો.૧૨માં મુખ્ય ચાર વિષયના પુસ્તકો રૂ. ૬૮૯માં મળતા હતા તેના બદલે હવે રૂ. ૯૩૭માં આ પુસ્તકો મળી રહ્યા છે. રસાયણ વિજ્ઞાનનું ભાગ-૧ પુસ્તક ૮૪ના બદલે રૂ. ૧૫૩ થઈ ગયું છે. જ્યારે ભાગ-૨ના ૯૭ના રૂ. ૧૦૪ થયા છે. આ જ રીતે ગણિત ભાગ-૧ના રૂ. ૯૪ના રૂ. ૧૦૪ અને ભાગ-૨ના રૂ. ૯૪ના બદલે રૂ. ૧૧૦ થયા છે. જ્યારે ભૌતિક વિજ્ઞાન ભાગ-૧ના ૯૭ના રૂ. ૧૫૩ અને ભાગ-૨ના ૯૨ના રૂ. ૧૫૩ કરાયા છે. જીવવિજ્ઞાન ભાગ-૧ના રૂ. ૫૫ના બદલે રૂ. ૧૫૩ થયા છે. જ્યારે ભૌતિક વિજ્ઞાન પ્રયોગપોથી જે રૂ. ૬૨માં મળતી હતી તેના ભાવ રૂ. ૨૨૧ થઈ ગયા છે. આમ, ધો.૧૨ સાયન્સના મોટાભાગના પુસ્તકોમાં તોતિંગ વધારો જોવા મળી રહ્યો છે.

એક બાજુ પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પુસ્તકોની કિંમતમાં જંગી વધારો કરી દેવામાં આવ્યો છે. જ્યારે બીજી બાજુ બજારમાં પાઠ્યપુસ્તકોની તંગી જોવા મળી રહી હોઈ વાલીઓ અને વિદ્યાર્થીઓ પરેશાન થઈ ગયા છે. આ વખતે ધો.૨માં ગુજરાતી, ધો.૪માં પર્યાવરણ અને ધો.૬માં સમાજવિદ્યાના પુસ્તકો બદલાયા છે. આ ઉપરાંત ધો.૧૦ અને ધો.૧૨ સાયન્સમાં પણ મુખ્ય વિષયો બદલાયા છે. ધો.૧થી ૮માં અંગ્રેજી માધ્યમમાં ગણિત અને અંગ્રેજી તથા ધો.૬થી ૮માં વિજ્ઞાન, ધો.૧૦માં ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી, ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં અર્થશાસ્ત્ર અને નામાના મૂળ તત્ત્વો, ધો.૧૨માં ગણિત અને વિજ્ઞાનના વિષયો, ધો.૧૧માં નામાના મૂળ તત્ત્વોમાં જીએસટીનો વિભાગ ઉમેરાયો છે. આમ, લગભગ તમામ ધોરણમાં પુસ્તકો બદલાયા છે. જોકે, તેની સામે હાલમાં બજારમાં પુસ્તકોની અછત જોવા મળી રહી છે. ધો.૧૦માં ગણિત અને વિજ્ઞાનના પુસ્તકો બજારમાં મળી રહ્યા નથી. જ્યારે ધો.૧૨માં પણ ગણિત અને સાયન્સના અન્ય વિષયોના પુસ્તકની તંગી વર્તાઈ રહી છે. સ્કૂલો શરૂ થવાને આડે હવે માંડ ૯ દિવસ બાકી રહ્યા છે ત્યારે પુસ્તકોની તંગીના પગલે વાલીઓ-વિદ્યાર્થીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પુસ્તકોની કિંમતમાં તોતિંગ વધારો કરાયા બાદ ખાનગી પ્રકાશનોએ પણ વધારો કર્યો છે. ગાઈડ, અપેક્ષિત સહિતના અન્ય પ્રકાશનોએ પણ બજારમાં પુસ્તક આવે તે પહેલા જ પોતાના પ્રકાશનોના પુસ્તકો તૈયાર કરવાની કાર્યવાહી શરૂ કરી દીધી હતી. આ કાર્યવાહી પૂર્ણ થયા બાદ હાલમાં ખાનગી પ્રકાશનોએ પોતાના પુસ્તકો બજારમાં મૂકી દીધા છે. જેમાં ગતવર્ષની સરખામણીમાં આ વખતે પ્રકાશનોએ કિંમતમાં લગભગ બમણો વધારો કરવામાં આવ્યો છે. ભલે હાલમાં ઘણા પાઠ્યપુસ્તકોની બજારમાં તંગી વર્તાઈ રહી છે પરંતુ ખાનગી પ્રકાશનોના પુસ્તકો બજારમાં મળી રહ્યા છે.


## જન્મદિને વધામણી



**પરમજીત કૌર છાબડા**
નિયામક, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ
ઉપાધ્યક્ષ, ગાંધીનગર ભાજપ
બોર્ડ મેમ્બર, લાયોનેસ ક્લબ
મો. ૮૨૦૦૬ ૦૨૦૩૪



**મોહંમદઝહીર સલીમભાઈ તેલી**
મો. ૭૮૭૮૧ ૪૨૩૪૬



**મહેશભાઈ ભોજક**
મો. ૯૮૭૯૫ ૬૨૯૦૫

# ડિગ્રી એન્જિનીયરિંગની ૪૦ હજાર બેઠકો ખાલી રહેશે !

ગાંધીનગર, તા. ૩

ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે હાલ કાર્યવાહી ચાલી રહી છે. સોમવારે રજિસ્ટ્રેશનની સમયમર્યાદા પૂર્ણ થઈ રહી છે ત્યારે અત્યાર સુધીમાં ૩૨ હજાર વિદ્યાર્થીએ રજિસ્ટ્રેશન કરાવી લીધું છે. EWS લાગુ થવાના કારણે ડિગ્રી ઈજનેરીમાં અંદાજે ૧૨ હજારથી વધુ બેઠકોનો વધારો થતાં કુલ બેઠકોનો આંકડો ૭૨ હજાર સુધી પહોંચી ગયો છે. રજિસ્ટ્રેશન કરનારા તમામ વિદ્યાર્થીઓ ઈજનેરીમાં પ્રવેશ મેળવશે તેવું માની લઈએ તો પણ ૪૦ હજારથી વધારે બેઠકો ખાલી પડે તેમ છે. આ સ્થિતિમાં સંચાલકો માટે આ ખાલી બેઠકો કેવી રીતે ભરવી તેની સૌથી મોટી સમસ્યા ઊભી થઈ છે.

ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી ત્યારે બેઠકોની સંખ્યા ૬૦ હજાર જેટલી હતી. આ સ્થિતિમાં પણ ૩૫ હજારથી વધારે બેઠકો ખાલી પડશે તેવું ખુદ પ્રવેશ સમિતિના સત્તાધીશો પણ માનતા હતા. રાજ્ય સરકાર દ્વારા EWSમાં ૨૫ ટકા બેઠકો વધારવાનો નિર્ણય કરતાં ડિગ્રી ઈજનેરીમાં અંદાજે ૧૨ હજાર બેઠકોનો વધારો થયો છે. જેમાં સરકારી કોલેજોમાં જ ૨૭૦૦ બેઠકો વધી છે. અત્યાર સુધી સરકારી ઈજનેરી કોલેજોમાં અંદાજે ૧૧ હજાર જેટલી બેઠકો ઉપલબ્ધ હતી. હવે EWS લાગુ કર્યા બાદ સરકારી ઈજનેરી કોલેજોની બેઠકો વધીને ૧૩૭૦૦ જેટલી થઈ ચુકી છે. આમ, ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે દરખાસ્ત કરનારા પૈકી મોટાભાગના વિદ્યાર્થીઓને સરકારી કોલેજમાં પ્રવેશ મળી રહે તેમ છે. બીજી બાજુ સ્વનિર્ભર કોલેજોની બેઠકોમાં પણ ૯ હજાર જેટલી બેઠકો વધી ચુકી છે. આમ, કુલ ૭૧ હજાર બેઠકોની સામે અત્યાર સુધીમાં ૩૨ હજાર વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન થઈ ચુક્યું છે.

પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે રજિસ્ટ્રેશન કરાવનારા પૈકી તમામ વિદ્યાર્થીઓ પ્રવેશ લેતા નથી. આ સ્થિતિમાં માત્ર ૨૮થી ૨૯ હજાર વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે તો ખાલી બેઠકોનો આંકડો ૪૫ હજારને પાર કરી જાય તેમ છે. જોકે, આટલી મોટી સંખ્યામાં ખાલી પડનારી બેઠકો કેવી રીતે ભરવી તેની સૌથી મોટી સમસ્યા ઊભી થઈ છે. વિદ્યાર્થીઓ માટે અચ્છે દિન આવી ગયા છે પરંતુ સંચાલકોએ હવે વિદ્યાર્થીઓ શોધવા માટે અનેક પ્રકારની સ્કીમ, ફીમાં રાહત સહિતના નુસ્ખાઓ અજમાવવાનું શરૂ કર્યુ હોવાનું પણ બહાર આવ્યું છે.

### વિદ્યાર્થીઓએ એક જ ફી ભરવાની અને જેમાં પ્રવેશ મેળવે તેમાં આ ફી ટ્રાન્સફર થઈ જાય

# મેડિકલ-પેરા મેડિકલમાં પ્રવેશ એકસાથે અપાશે

ગાંધીનગર, તા. ૩

મેડિકલ અને પેરા મેડિકલમાં પ્રવેશ માટે હાલમાં જુદી જુદી પ્રવેશ સમિતિ દ્વારા કામગીરી કરવામાં આવે છે. પરંતુ હવે વિદ્યાર્થીઓની સરળતા ખાતર આગામી દિવસોમાં થનારી પ્રવેશ પ્રક્રિયામાં અલગ અલગ રજિસ્ટ્રેશન પછી પણ ડેન્ટલ, હોમિયોપથી, આયુર્વેદ અને નર્સિંગ, ફિઝિયોથેરાપી વગેરેમાં એક સાથે જ એલોટમેન્ટ થાય તે પ્રકારની વિચારણા હાથ ધરવામાં આવી છે.

રાજ્યમાં આગામી દિવસોમાં મેડિકલ અને પેરા મેડિકલમાં પ્રવેશ માટેની કાર્યવાહી શરૂ થવાની છે. દર વર્ષે મેડિકલ અને પેરા મેડિકલ માટે જુદા જુદા સમયે પ્રક્રિયા હાથ ધરવામાં આવતી હોય છે. જેના કારણે પ્રવેશ સમિતિ માટે ભારે મુશ્કેલી ઊભી થતી હોય છે. સામાન્ય રીતે મેડિકલ-ડેન્ટલ સહિતના નીટના માધ્યમથી જે કોર્સમાં પ્રવેશ પ્રક્રિયા થાય છે તે કાર્યવાહી પહેલા થતી હોવાથી વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી લેતાં હોય છે. આ કાર્યવાહી પૂર્ણ થયા બાદ નર્સિંગ, ફિઝિયોથેરાપી સહિતના કોર્સમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય છે.

પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે જે વિદ્યાર્થીઓને ડેન્ટલ, આયુર્વેદ કે હોમિયોપથીમાં પ્રવેશ મળ્યો હોય તેવા વિદ્યાર્થીઓ આ પ્રવેશ રદ કરાવીને ફિઝિયોથેરાપી કે નર્સિંગમાં સરકારી કોલેજમાં પ્રવેશ મળતો હોય તો લઈ લેતાં હોય છે. જેના કારણે ડેન્ટલ સહિતના કોર્સમાં જે ફી ભરી હોય તે ઉપરાંત બીજી વખત જે કોર્સમાં પ્રવેશ મેળવે તેમાં પણ નવી ફી ભરવી પડે છે. આ ઉપરાંત ફરીવાર રિશફલિંગ થાય ત્યારે આ વિદ્યાર્થીઓને જો ડેન્ટલ, હોમિયોપથી કે આયુર્વેદમાં સરકારી કોલેજમાં પ્રવેશ મળે તો ફરીવાર ફિઝિયો.-નર્સિંગનો પ્રવેશ રદ કરાવીને હોમિયોપથી કે આયુર્વેદમાં પ્રવેશ માટે પ્રયાસ કરતાં હોય છે. નર્સિંગ સહિતના કોર્સમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થઓ પૈકી કેટલાકે 'નીટ' આપી હોવાથી આ પ્રકારની મુશ્કેલી ઊભી થતી હોય છે. જેના કારણે ચાલુ વર્ષે પ્રવેશ સમિતિ ભલે અલગ અલગ રહે પરંતુ વિદ્યાર્થીઓને ફાઈનલ એલોટમેન્ટ આપવાનું થાય ત્યારે એક સાથે જ એલોટમેન્ટ આપવામાં આવે તેવી વિચારણા હાથ ધરાઈ છે. એલોટમેન્ટ એક સાથે એટલે કે એક વિદ્યાર્થીને એક સાથે બે જગ્યાએ પ્રવેશ મળે જેમાંથી વિદ્યાર્થી પોતાની પસંદગી પ્રમાણે પ્રવેશ મેળવી શકે. હાલની પદ્ધતિમાં વિદ્યાર્થીઓએ બે અલગ અલગ પ્રવેશ સમિતિમાં ફી ભરવી પડતી હોવાની મુશ્કેલી નડે છે. ડોક્યુમેન્ટ પણ એક પ્રવેશ સમિતિમાંથી લઈને બીજી પ્રવેશ સમિતિમાં જમા કરાવવા પડે છે. નવી પદ્ધતિમાં વિદ્યાર્થીઓએ એક જ ફી ભરવાની અને જેમાં પ્રવેશ મેળવે તેમાં આ ફી ટ્રાન્સફર થઈ જાય તેવી વ્યવસ્થા રાખવાની પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.

નર્સિંગમાં ગત વર્ષે અંદાજે ૩ હજાર બેઠક ખાલી પડી હતી. જેની સામે ફિઝિયોથેરાપીમાં પણ ૩૫૦૦થી વધારે બેઠક ખાલી રહી હતી. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે ચાલુ વર્ષે EWS લાગુ કરવામાં આવતાં બેઠકમાં મોટાપાયે વધારે થયો છે. જેની સામે પ્રવેશ માટે એટલી સંખ્યામાં વિદ્યાર્થીઓ જ ઉપલબ્ધ ન હોવાથી ખાલી બેઠકની સંખ્યામાં ભારે વધારો થાય તેવી સ્થિતિ હાલ જોવા મળી રહી છે.

# શાળામાં હાજરી બાબતે સીબીએસસીનું કડક વલણ

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશને હાજરીના મુદ્દે છૂટછાટ આપતી શાળાઓ સામે કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો છે. હાજરી મુદ્દે છૂટછાટ આપતી શાળાઓની માન્યતા રદ કરવાનો આ નિર્ણય લેવામાં આવ્યો છે. હાલમાં હાજરી મુદ્દે છૂટછાટ અંગે બોર્ડમાં કોઈ જોગવાઈ નથી પરંતુ હવેથી આવી શાળાઓ સામે કાર્યવાહી થશે. ફ્લાઈંગ વિદ્યાર્થી એટલે કે હાજરીમાં છૂટછાટ મેળવનાર વિદ્યાર્થીઓનું પણ ફોર્મ રદ કરવામાં આવશે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશને હાજરીમાં છૂટછાટ મુદ્દે કડક વલણ અપનાવવાનું નક્કી કર્યું છે. સીબીએસઈ સંલગ્ન ઘણી શાળાઓ ફ્લાઈંગ અથવા ર્હૈ ક્રીહક્ષૈહપ્ર ફોર્મ સ્વીકારતી હોય છે. જેમાં ફ્લાઈંગ એટલે કે એવા વિદ્યાર્થીઓ, કે જેઓ સ્કૂલમાં આવવા નથી માગતા પરંતુ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા હોય છે, તેઓ માત્ર ટ્યૂશન ક્લાસમાં જ ભણતા હોય છે. પરંતુ ધો.૧૨ની પરીક્ષા આપવા પૂરતું તેઓ સ્કૂલમાં પ્રવેશ લેતા હોય છે. આવા વિદ્યાર્થીઓ સ્કૂલમાં પ્રવેશ મેળવી લે છે પરંતુ હાજર રહેતા નથી શાળાઓ પણ ફી મળી જતી હોવાથી આવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપતા અચકાતી નથી.

જોકે, હવે સીબીએસઈ બોર્ડે આવી શાળાઓ સામે કાર્યવાહી કરવાનું નક્કી કર્યું છે. જેમાં હાજરીમાં છૂટછાટ આપી આવી શાળાઓ સામે માન્યતા રદ કરવા સુધીના પગલાં ભરવામાં આવશે. ફ્લાઈંગ નામાંકન મુદ્દે પકડાયેલી શાળાઓની માન્યતા તાત્કાલિક ધોરણે રદ કરવામાં આવશે. ધો. ૧૧માં જે વિદ્યાર્થીઓને ફ્લાઈંગ નામાંકન ભર્યું હશે તેવા વિદ્યાર્થીઓના ફોર્મ પણ રદ કરવામાં આવશે. આમ બોર્ડ દ્વારા વિદ્યાર્થી અને સ્કૂલ બંને સામે કાર્યવાહી કરવામાં આવશે.

સીબીએસઈમાં ફ્લાઈંગ નામાંકન અંગે કોઈ નિયમ નથી. જોકે, હવે સીબીએસઈ બોર્ડે આવી શાળાઓ સામે કાર્યવાહી કરવાનું નક્કી કર્યું છે. ૨૦૧૯માં પણ બોર્ડે કેરળ, હરિયાણા અને પંજાબમાં હજારથી વધુ વિદ્યાર્થીઓના ફોર્મ રદ કર્યા હતા. આ વિદ્યાર્થીઓ ૨૦૧૯ની બોર્ડની પરીક્ષામાં ઉપસ્થિત રહી શક્યા ન હતા. હવે બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓ ઉપરાંત શાળાઓ સામે પણ કાર્યવાહી કરાશે.

સીબીએસઈ બોર્ડ આ વર્ષે સ્કૂલ દ્વારા મોકલવામાં આવનાર ફોર્મના ડેટાની ચકાસણી કરશે અને સ્કૂલને જેટલી બેઠકો મળી છે તેટલા જ ફોર્મ સ્વીકારવામાં આવશે. એક વર્ગમાં ૪૦થી ૪૫ની સંખ્યા હશે એટલે કે સ્કૂલના જેટલા વર્ગો હશે તે મુજબ વિદ્યાર્થીઓની સંખ્યા નક્કી કરી ફોર્મ સ્વીકારવામાં આવશે. ઉપરાંત, વિદ્યાર્થીઓની સાથે શિક્ષકોની સંખ્યાની પણ ચકાસણી કરાશે આ પ્રક્રિયા બાદ જો વધારાના વિદ્યાર્થીઓ જણાશે તો તેને પરીક્ષામાંથી બહાર કરવામાં આવશે. વિદ્યાર્થી સ્કૂલમાં ધો. ૧૧માં પ્રવેશ મેળવશે ત્યારથી લઈ ધો.૧૨ની પરીક્ષા માટે ફોર્મ ભરશે ત્યાં સુધીમાં બોર્ડ દ્વારા ત્રણ વખત ચકાસણી કરવામાં આવશે. સ્કૂલમાં કેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો ત્યારબાદ ધો. ૧૨ની પરીક્ષા માટે કેટલા રજિસ્ટ્રેશન થયા અને ધો. ૧૨માં કેટલા વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા તે તમામ બાબતોની ચકાસણી કરાશે. આ ચકાસણી દરમિયાન ફ્લાઈંગ વિદ્યાર્થીઓને સરળતાથી પકડી શકાશે. ૨૦૧૯માં લેવાયેલી ધો. ૧૨ની પરીક્ષા દરમિયાન ૨૦,૦૦૦ ફ્લાઈંગ વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીજીનો વિનોદ

॥ ૪૭મો મણકો ॥

**૧૧૫ - ચરણસ્પર્શની કૃતાર્થતા**

યુપીમાં બહેનોની એક સભામાં ગાંધીજી ગયા હતા. ત્યાં બહેનોએ ગાંધીજીને રૂપિયાની થેલી ભેટ આપી પણ દરિદ્રનારાયણના પૂજારી ગાંધીજીને એટલાથી થોડો જ સંતોષ થાય ? તેમણે બહેનોનાં ઘરેણાંની માગણી કરી. વિંટી, બંગડી વગેરે આભૂષણો આપવા માટે બહેનોમાં પડાપડી થઈ. એ ધમાલમાં ગામડાની એક બહેન હાથ ઊંચો કરી બોલતી હતી કે, ઓ મહાત્મા, આ મારી એક આની લેતો જા.




ગાંધીજીએ બહેનોના માથા પરથી પોતાના હાથનો ખોબો લંબાવી કહ્યું, લાવો.

તે બહેને આની ગાંધીજીના ખોબામાં નાખી. પછી ગાંધીજી બોલ્યા, હવે ચરણસ્પર્શ પણ કરીશ ને ?

બહેન : હા, કરીશ.

ગાંધીજી : તો પછી ચરણસ્પર્શનો એક આનો બીજો લઈશ.

ગામડાની અભણ નારી ટાણો મારતી હોય તેમ બોલી, તું પગે લાગવાનું ભાડું લેવાનો કે ?

ગાંધીજી : હા.

બાઈએ બીજી આની આપી ગાંધીજીનો ચરણસ્પર્શ કર્યો. અને મહાત્માજીના ચરણસ્પર્શની કૃતાર્થતા જીવનમાં અનુભવી.

**૧૧૬ - લશ્કર વિનાના સેનાધિપતિ**

હિંદ છોડોની લડત વેળા સામ્યવાદીઓ બ્રિટીશ સરકારની પડખે રહ્યા હતા અને ગાંધીજીના નેતૃત્વનો પણ વિરોધ કર્યો હતો. તેથી તેઓ પ્રજાની આંખે ઊતરી ગયા હતા. ફરીથી પોતાના પક્ષને લોકપ્રિયતા કેમ પ્રાપ્ત થાય તેની વિચારણા તેઓ કરતા હતા.

એક દિવસ તેમના એક આગેવાન ગાંધીજીને મળવા ગયા. ગાંધીજીની સરદારી નીચે તેઓ કામ કરવા તૈયાર છે તેની ખાતરી કરાવવા તેમણે ગાંધીજીને કહ્યું,


કોમવાદનો મુકાબલો કરવા દેશમાં લોકશાહી બળો તૈયાર છે, પણ તેમને સજ્જ કરવાની જ તેઓ રાહ જુએ છે. અમને કૂચ કરવાનો આપ હુકમ આપો અને અમે આપના હુકમનો અમલ કરીશું.

ગાંધીજી સામ્યવાદીઓની રીતરસમો સારી રીતે જાણતા હતા. તેઓ તેમની જાળમાં સપડાય એમ ન હતા તેથી વિનોદમાં જ તેમણે સામ્યવાદી આગેવાનોને કહ્યું, હું તો લશ્કર વિનાનો સેનાપતિ છું, તો પછી મારે હુકમ કરવો કોને ?



'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

# મીરાંબાઈનાં પદોનું આસ્વાદમૂલક નવનીત




ભારતીય સંસ્કૃતિમાં ધર્મધારા બે પ્રવાહમાં વહે છે : (૧) ભક્તિ માર્ગ અને (૨) જ્ઞાન માર્ગ. ભક્તિ માર્ગની કાવ્યધારામાં મુખ્યત્વે સમર્પિત ભાવના, શ્રદ્ધા અને પરમપદની પ્રાપ્તિની વાત છે. મધ્યકાલીન સાહિત્યની ભક્ત કવયિત્રી મીરાંબાઈના જીવન વિશે અને તેમના પદોના આસ્વાદનું કોઈ ખાસ પુસ્તક હોય જે ખૂબ જ વિદ્વાન, અનુભવી અને અધ્યાપન ક્ષેત્રના અગ્રણી વિવેચક દ્વારા તૈયાર થાય તો તે વિશ્વવિદ્યાલય કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ખૂબ જ ઉપયોગી નીવડી શકે. આવા એક ચૂંટેલી કવિતાના સંપાદનની




વાત કરવી છે.

'ચૂંટેલી કવિતા મીરાંબાઈ' પુસ્તકનું સંપાદન સતીશ ડણાક દ્વારા કરવામાં આવ્યું છે. જેની પ્રસ્તાવનામાં મૂકવામાં આવેલા અભ્યાસ લેખમાં ૧. મધ્યકાલીન ગુજરાતી ભક્તિ કવિતા પ્રવાહ દર્શન, ૨. પદ : સ્વરૂપ, વિચાર અને ૩. પ્રેમભક્તિ કો પેંડો હે ન્યારોમાં ખૂબ અભ્યાસપૂર્ણ વિગતો મળે છે. સમગ્ર રીતે જોતાં, તપાસતાં એમ લાગે છે કે મીરાંબાઈ વાસ્તવમાં કૃષ્ણને વરેલી, કૃષ્ણના પ્રેમમાં લયલીન બનેલી, કૃષ્ણને ઝંખતી અને આ વ્યાવહારિક દુનિયાના સંઘર્ષોનો સામનો કરી જીવન મુક્તિ અર્થે ઝઝૂમતી ભક્ત કવયિત્રી છે. એનું જીવન વતન રાજસ્થાન, વ્રજ અને ગુજરાતમાં વિત્યું હતું. આથી તેમનાં પદોની ભાષા પણ રાજસ્થાની, વ્રજ અને ગુજરાતી છે. કેટલાંક પદોમાં ત્રણેય ભાષાના શબ્દોનું સાયુજ્ય પણ જોવા મળે છે.

સંપાદકે ૨૪ જેટલા સંદર્ભ ગ્રંથોને ઉથલાવી તેમાંથી નવનીત તારવવાની કોશિષ કરી છે. જેમાં મીરાંબાઈ વિશે માહિતી આપતાં વિવિધ ગ્રંથોના વાચનમાં પદ, સ્વરૂપ વિશે જુદા જુદા વિદ્વાનોએ લખેલા લેખોના અભ્યાસમાં અને મીરાંબાઈના દોઢેક હજાર જેટલા વિવિધ વિષયો પર લખાયેલાં પદોનો અભ્યાસ અને વાચન કરેલું હોય તેવું પ્રતીત થાય છે. જો કે અહીં માત્ર ૩૫ પદો જ પસંદ કરી તેના આસ્વાદનું પુસ્તક તૈયાર કરવાનું હોઈ ઘણા જાણીતા, લોકપ્રિય અને લલિત કોમળ કાવ્ય પદાવલિયુક્ત પદોને તેઓ સમાવી શક્યા નથી. તેમ છતાં ચૂંટેલી આ કવિતાના સંપાદનની ઉપયોગિતા અને સમૃદ્ધતાને જોવાનો પ્રયત્ન કરીએ તો તેમણે મીરાંબાઈની કવિતાઓને કુલ ૧૫ વિભાગમાં વહેંચીને અભ્યાસુઓ માટે માર્ગ સરળ કરી આપ્યો છે. જેમ કે અભિલાષા, આત્મચરિત્રાત્મક પદો, ઉપદેશ, દર્શનાનંદ, હાસ્યભાવ, નિશ્ચય, પ્રાર્થના વિનય, પ્રેમના અનુભવની તીવ્રતા, પ્રેમાલાપ, ભક્તિભાવ, મોરલી, વ્રજભાવ, વિરહ, સત્સંગ અને જ્ઞાન માર્ગ.

અહીં એ પદો આપ્યાં જ છે, જે પદો દ્વારા તેના સ્ત્રીહૃદયની પ્રતીતિ થાય છે. એટલે આ પદોના ભાવ પણ હૃદયોર્મિના તેજકિરણો જેવા છે. પુસ્તકમાં ઠેર ઠેર મોરપીંછ, તંબુર અને મીરાંના સ્કેચ મનમોહક છે.

મીરાંની કવિતા વિશે ચંદ્રકાન્ત શેઠ લખે છે કે, 'મીરાંની કવિતા મીરાંના હૃદય જેવી સુકુમાર છે. પણ મીરાંની સુકુમારતા કુસુમ જેવી છે. જો કે એમાં વજ્રથીય કઠોર એવી ભક્તિવીરતા, ધર્મવીરતા પણ જોઈ શકાય ચે. મીરાંની નીતિ-રીતિ આ વ્યવહારનિષ્ઠ જગતની નીતિ-રીતિથી અલગ છે. મીરાંની મોટી મિરાત શ્રીકૃષ્ણ છે. મીરાંએ શ્રીકૃષ્ણને પ્રેમ કરતાં કરતાં પોતાના જીવનમાં પરમતત્ત્વનું ભાવ પ્રવર્તન અનુભવ્યું છે. રાધાના શ્રીકૃષ્ણ, વ્રજની રાસરમણા એ રીતે ઘણું બધું મીરાં પોતાનામાં અનુભવે છે. મીરાંની કવિતામાં કૃષ્ણભક્તિના વિવિધ પ્રકારોનું સંકુલ સ્વરૂપ જોવા મળે છે. મીરાં શ્રીકૃષ્ણની દાસીય છે ને પ્રેયસી પણ છે. મીરાંની કવિતા કૃષ્ણની જાણે વાંસળી થવા મથતી લાગે. મીરાંની શક્તિ, મીરાંની ભક્તિમાં, એનાં પદોમાં સહજ રીતે અભિવ્યક્ત થતી, પ્રગટતી, ઉઘાડ પામતી, ઉછળતી જણાય છે.' એ રીતે મીરાંની કવિતાને સમજવા, માણવા અને પામવા માટે આ અભ્યાસગ્રંથનું સંપાદન કરનાર સતીશ ડણાક એક નવી દિશા ચીંધે છે. તેમના આ સુંદર સંપાદનને આવકારું છું અને અભિનંદન પાઠવું છું.

ચૂંટેલી કવિતા મીરાંબાઈ
સંપાદન - પ્રસ્તાવના : સતીશ ડણાક
પ્રકાશક : શબ્દલોક પ્રકાશન, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ, ૨૦૧૯, કિંમત : રૂા. ૧૨૦/-